# જિલ્લામાં વરસાદની ઝરમર વચ્ચે આસ્થાપૂર્વક ગણેશ સ્થાપન

## ગણપતિ બાપ્પા મોરીયા : ગણપતિ આયો બાપા રિદ્ધિ-સિદ્ધિ લાયો

બાયડ તા.૧૦

પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થયા પછી હવે શિવપુત્ર ગણપતિ સ્થળોએ હર્ષોલ્લાસથી શુભ મુહર્તમાં સ્થાપન થયું ત્યારે વાતાવરણ ગણપતિ આયો બાપ્પા પંડાલમાં સ્થાપન કરતાં આસ્થાસભર દ્રશ્યો ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જોવા મળ્યા છે. ઉત્સાહ વ્યાપી ગયો છે. સરકારની જાહેરાત પછી ઠેર ઠેર વિઘ્નહર્તા ગણપતિ મહોત્સવનો ગત રોજ પ્રારંભ મોરીયાના જયઘોષ સાથે ૧૦ દિવસ માટે મહોત્સવની શરૂઆત થઈ છે. જિલ્લામાં ભાદરવા માસના આરંભ કર્યો છે. મોટાભાગના વિસ્તારોમાં શુભ મુહર્તમાં વિદ્યાન બ્રાહ્મણો દ્વારા પૂંજા-અર્ચન કરાવી દૂંદાળા દેવનું ડી.જે.ના તાલ સાથે ગણેશ ભક્તોએ ભગવાન ગણેશની સવારી કાઢીને પંડાલમાં સ્થાપિત કરી ત્યારે હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર સહિતના વિસ્તારોમાં અંદાજીત ૪૦૦૦થી









મહોત્સવનો શુક્રવારે આસ્થાપૂર્વક પ્રારંભ થયો છે. ગણપતિ બાપ્પા મોરીયાના નાદ સાથે સાબરકાંઠા, અરવલ્લીના ૪૦૦૦થી વધુ રિદ્ધિ-સિદ્ધિના નાદથી ગુંજી ઉઠ્યું હતું. વરસાદની ઝરમર વચ્ચે ગણેશ ભક્તોએ આસ્થા સાથે ગણેશ મૂર્તિઓનું વિધિવિધાન સાથે

કોરોનાનું સંક્રમણ ઘટતાં સરકારે ખાસ ગાઈડલાઈન સાથે ગણેશ મહોત્સવ ઉજવવા માટે લીલીઝંડી આપતાં ગણેશ ભક્તોમાં થયો છે. બંન્ને જિલ્લામાં ૪૦૦૦થી વધુ સ્થળોએ ગણેશ મહોત્સવ ઉજવવાની આગોતરી તૈયારીઓ પછી ભાદરવા સદ-ચોથથી ગણપતિ બાપ્પા સાથે વરસાદે પણ આકાશમાંથી હેત વરસાવતાં વિઘ્નહર્તાના સ્થાપન બાદ વરસાદનું તમામ સંકટ હજુ દૂર થઈ જશે તેવો આશાવાદ ભક્તોએ વ્યક્ત સ્થાપન કરાવવામાં આવતાં કોરોના કાળમાં શુષ્ક થયેલા વાતાવરણમાં હવે ગણેશ ભક્તિથી નવી ચેતનાનો સંચાર થયો છે. જિલ્લામાં સવારથી જ વાતાવરણ ગણપતિમય બની ગયું હતું. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, તલોદ, પ્રાંતિજ, વડાલી, પણ વધુ સ્થળોએ ગણેશ યુવક મંડળો દ્વારા ભારે હર્ષોલ્લાસ સાથે ગણપતિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# જિલ્લામાં અતૃપ્ત ધરાને તરબોળ કરતો વરસાદ

### તલોદ, મેઘરજમાં સાડા ત્રણ ઈંચ, મોડાસા-પ્રાંતિજમાં બે ઈંચ વરસાદ : વાત્રક, મેશ્વો નદીમાં સીઝનમાં પ્રથમવાર નવાં નીર, નદી કિનારાના ગામોમાં હરખ વ્યાપ્યો

બાયડ તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદના અભાવે અતૃપ્ત રહેલી ધરતીને તરબોળ કરતો વરસાદ છેલ્લા ૨ દિવસથી દરમ્યાન તલોદ, મેઘરજમાં સાડા ત્રણ ઈંચ અને મોડાસા-પ્રાંતિજમાં બે ઈંચ વરસાદ વરસતાં પ્રજા અને ખેડૂતો હરખાઈ ઉઠ્યા છે. બંન્ને જિલ્લામાં આકાશમાં કાળાં ડીબાંગ



વરસી રહ્યો છે. સાર્વત્રિક વરસાદના કારણે વાત્રક, મેશ્વો નદીમાં ચોમાસાની સીઝનમાં પ્રથમવાર નવાં નીર આવતાં નદી કિનારાના ગામોની પ્રજામાં હરખ વ્યાપ્યો છે. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક વાદળો અને ભારે મેઘગર્જના સાથે વરસાદ વરસ્યાના અહેવાલ છે જેમાં મેઘરજ તાલુકામાં વીજળી ત્રાટકતાં ૨ પશુનાં મોત સાથે અરવલ્લીના માઝૂમ ડેમ સાઈટની ઓફીસ ઉપર વીજળી પડવાથી વાયરીંગમાં શોર્ટસર્કીટ થયાની ઘટના સામે આવી છે.

સમગ્ર ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે સાર્વત્રિક વરસાદ વરસતાં આનંદ છવાયો છે. ભાદરવા માસના આરંભ સાથે જ વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરતાં ખેતીને ફાયદો જ ફાયદો થઈ રહ્યો છે. એક તબક્કે વરસાદ ખેંચાયો હતો જેથી બંન્ને જિલ્લામાં ખરીફ વાવેતર ઉપર સંકટ ઉભું થતાં ખેડૂતોને સિંચાઈનાં પાણી આપી વાવેતર બચાવવાની ફરજ પડી હતી. જ્યારે ધાર્યા કરતાં પણ વધુ વરસાદ ખેંચાતાં પીવાના પાણીનું સંકટ પણ ઉભું થયું પરંતુ હવે ભાદરવો ભરપૂર વરસવા લાગતાં ખેતી અને પાણીનું ચિત્ર સુધારા તરફ જઈ રહ્યું છે.

# અરવલ્લીમાં ગણેશ ચતુર્થીથી ગણેશોત્સવનો પ્રારંભ

### મોડાસા, બાયડ, ધનસુરા, ભિલોડા, માલપુર, મેઘરજ તાલુકાઓમાં ગણેશોત્સવ : સાર્વજનિક ગણેશોત્સવમાં આયોજકો દ્વારા ૪ ફૂટની મૂર્તિઓ લાવી વાજતે ગાજતે સ્થાપન કરાયું

મોડાસા તા.૧૦

ગણેશ ચતુર્થીના દિવસથી ગણેશોત્સવનો પ્રારંભ થાય છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ગણેશોત્સવનો પ્રારંભ વાજતે ગાજતે કરવામાં આવ્યો હતો. જિલ્લાના દરેક તાલુકા મથકે આયોજકો દ્વારા સાર્વજનિક ગણેશોત્સવનો પ્રારંભ કોરોનાની ગાઈડલાઈન મુજબ કર્યો છે.

ગણેશોત્સવ શરૂ થતાં ગણેશ ચતુર્થીના દિવસે મોડાસાના સિધ્ધિ વિનાયક મંદિર, રામપાર્ક કા રાજા, મેઘરજ રોડ, માલપુર રોડ સહિત જિલ્લાના દરેક તાલુકા મથકે આયોજકો દ્વારા ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે તેમજ વાજતે ગાજતે ગણપતિજીની મૂર્તિનું સ્થાપન કર્યું હતું. જ્યારે આગામી ૧૦ દિવસ સુધી સરકારે આપેલ ગાઈડ લાઈન મુજબ ઉત્સવ ઉજવવામાં આવશે. માત્ર ગણપતિજીની મૂર્તિની પૂજા, અર્ચના સહિતના કાર્યક્રમો યોજાશે પરંતુ સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. નહીં. સાથે મોટાભાગે માટીના ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે. ગણેશોત્સવ પૂર્ણ થતાં વિસર્જનના દિવસે મોડાસા નગરપાલિકા દ્વારા ઓધારી તળાવ ખાતે વ્યવસ્થા કરી છે. જો કે કોરોનાના સમયમાં લોકો માનસિક ત્રાસી ગયા હતા ત્યારે ગણેશોત્સવ શરૂ થતાં લોકોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. સાથે તંત્ર દ્વારા પણ ગણેશોત્સવમાં સરકાર દ્વારા જાહેર કરાયેલ નિયમોનું પાલન થાય તે માટે તડામાર તૈયારીઓ કરી છે.





# ગાંભોઈ સર્વિસ રોડના ખાડામાં ટ્રક ફસાતાં ટ્રાફીકજામ

### ૩ કી.મી. દૂર વાહનોની કતારો લાગી, સ્થાનિકોએ ધક્કા મારી ટ્રક બહાર કાઢી : ખાડા પૂરવામાં હાઈવે ઓથોરીટીની બેદરકારી સામે પ્રચંડ રોષ

બાયડ / ગાંભોઈ તા.૧૦

હિંમતનગર તાલુકાના ગાંભોઈમાં સર્વિસ રોડના ભયજનક ખાડામાં શુક્રવાર સવારે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે ટ્રાફીકજામના પગલે વાહનોને રૂપાલ તરફના રોડ ઉપર ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. ખાડા હાઈવે નજીકના કામની પ્રજા અને ખેડુતો પારાવાર યાતનાઓ ભોગવી રહ્યા છે. ઢંગધડા વગરના ડાયર્ઝન આપી દેવાતાં અકસ્માત ગોઠીમડાં ખાઈ જતાં હોય છે. શુક્રવારે સવારે ગાંભોઈ ચાર રસ્તા નજીક સર્વિસ રોડના જોખમી ખાડામાં પસાર થતી ટ્રક ફસાઈ કાઢવાના પ્રયાસ કર્યા છતાં હાઈવે ઉપર વાહનોની દૂર દૂર સુધી કતારો લાગતી રહી જેના કારણે અસંખ્ય વાહન ચાલકો અટવાઈ





ટ્રક ફસાઈ જતાં ૩ થી ૪ કી.મી. દૂર ટ્રાફીકજામ થયો હતો. સ્થાનિકોએ ધક્કા મારીને ટ્રકને બહાર કાઢવાના કલાકો સુધી પ્રયાસો કર્યા છતાં ટ્રક ટસનીમસ થઈ ન હોવાના કારણે અમદાવાદ-ઉદેપુર હાઈવે ઉપર કલાકો સુધી પૂરવામાં હાઈવે ઓથોરીટીની દેખીતી બેદરકારીના કારણે અવાર નવાર વાહનો ફસાતાં હોવાથી તંત્ર સામે પ્રચંડ રોષ ભભૂકી ઉઠ્યો છે.

અમદાવાદ-ઉદેપુર ફોરલેન હાઈવેને સિક્સલેનમાં ફેરવવાની કામગીરી મંથરગતિએ ચાલતાં કાયમી બની ગયા છે તેમાંય ચોમાસાના વરસાદ પછી હાઈવેના સર્વિસ રોડની હાલત બિસ્માર બની છે. ગાંભોઈ નજીક ઠેર ઠેર ગાબડાં પડી ગયાં હોવા છતાં ઓથોરીટીને ગાબડાં પૂરવાનો સમય નથી જેથી વાહનો જતાં અફરા તફરીના દ્રશ્યો સર્જાયા હતા.

કલાકો સુધી ખાડામાંથી ટ્રક બહાર નિકળી ન શકતાં ગાંભોઈ થી સરવણા સુધી વાહનોની લાંબી કતારો લાગી હતી. સ્થાનિક લોકોએ ટ્રકને ધક્કા મારીને બહાર પડ્યા હતા. હાઈવે ઓથોરીટી દ્વારા જોખમી બનેલા ખાડા પૂરવામાં ન આવતાં વાહનો ફસાવવાના બનાવો કાયમી બની જતાં ગાંભોઈના વેપારીઓ તેમજ ખરીદી અર્થે આવતી પ્રજા હાઈવે ઓથોરીટી સામે રોષે ભરાઈ છે.

### અરવલ્લીમાં આફત બનતી આકાશી વીજળી

# ૨ પશુનાં મોત, આંબલિયારાની દરગાહ ઉપર વીજળી ત્રાટકતાં ગુંબજને નુકસાન

### માઝૂમ ડેમના કંટ્રોલ રૂમ ઉપર વીજળી પડવાથી વાયરીંગ સળગ્યું : ગોખરવા પ્રા. શાળામાં ભારે વરસાદથી કોટને નુકસાન

બાયડ તા.૧૦

અરવલ્લી જિલ્લામાં વરસાદના હેત સાથે વીજળી આકાશી આફત બનીને ત્રાટકતાં ૨ પશુનાં મોત નિપજવાના બનાવ સામે આવ્યા છે. જ્યારે બાયડ તાલુકાના આંબલિયારાની દરગાહ ઉપર વીજળી ત્રાટકતાં ગુંબજને નુક્સાન પહોંચ્યું છે. આ ઉપરાંત માઝૂમ જળાશયના કંટ્રોલ રૂમ ઉપર વીજળી પડવાથી વાયરીંગ સળગ્યાની ઘટના બહાર આવી છે. સાર્વત્રિક વરસાદ સાથે આકાશમાં પ્રચંડ મેઘગર્જના સાથે આંખો પણ મીંચાઈ જાય તે રીતે વીજળીના ભયાવહ સ્વરૂપથી પ્રજામાં ફફળાટ વ્યાપ્યો છે. મોડાસા તાલુકાના ગોખરવામાં પણ ભારે વરસાદથી પ્રાથમિક શાળાના કોટને નુક્સાન પહોંચ્યું છે.

પાછલા કેટલાક વર્ષોથી વરસાદ સાથે વીજળી આફત બનીને ત્રાટકી રહી છે. માનવ તેમજ પશુ મૃત્યુના બનાવોમાં ચોમાસામાં વીજળીના કારણે વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં મોંડે મોંડે વરસાદની પધરામણી થતાં પ્રજા અને ખેડૂતો હરખાયા જરૂર



પરંતુ આકાશમાં પ્રચંડ મેઘગર્જના અને વીજળીના ભયાવહ સ્વરૂપથી સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે. ૨૪ કલાક દરમ્યાન ધોધમાર વરસાદ સાથે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વીજળીના કારણે નુક્સાનની હકીકતો બહાર આવી છે જેમાં મેઘરજ તાલુકાના પંડૂલી ગામે વીજળી ત્રાટકતાં મહેશભાઈ હરજીભાઈ કલાસવાના બળદનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ગ્રામ્ય વિસ્તારમાં પણ વધુ એક પશુનો વીજળીએ ભોગ લેતાં પંથકમાં ફફળાટ વ્યાપી ગયો છે તે જ રીતે મોડાસા નજીક માઝૂમ જળાશયના કંટ્રોલ રૂમ ઉપર વીજળી ત્રાટકતાં વાયરીંગ સળગી ગયું હતું.

# ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશમય બન્યો માહોલ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર દરમ્યાન ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે ગણેશજી આબેહુબ મુર્તિઓનું ઠેર ઠેર વાજતે-ગાજતે શુભ મુહૂર્તમાં વિધી વિધાન પુર્વક શ્રદ્ધાભેર સ્થાપન કરાયું છે.ભાવિક ભક્તો ગણેશમય બન્યા છે. ભિલોડામાં ખાડીયા ચોક, ચૌધરી ચોક, રાઘવ ચોક, માધવ ચોક, નવી વસવાટ, નવા ભવનાથ, શાંતિનગર, માંકરોડા, મોહનપુર, જોધપુર, વાંસળી, ગંભીરપુરા સહિત વિવિધ વિસ્તારોમાં ગણપતિ બાપા મોરિયાનો નાદ દસ દિવસ સુધી ભક્તિસભર બનશે, વિઘ્નહર્તા દુંદાળા દેવએ ખેડુતોનું વિઘ્ન હાલના તબક્કે હલ કર્યું છે.

# જિલ્લામાં ભાદરવો ભરપૂર વરસતાં જળાશયોની સ્થિતિ સુધારા તરફ

બાયડ, તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી ભાદરવો ભરપૂર વરસી રહ્યો છે. સાર્વત્રિક મેઘમહેરના કારણે હવે જળાશયોની સ્થિતિ સુધારા તરફ છે. વરસાદના અભાવે તળીયા ઝાટક થયેલા મોટા જળાશયોમાં હવે પાણીની આવક શરૂ થવા લાગી છે. જિલ્લાના વાત્રક, હાથમતી, હરણાવ અને મેશ્વો જળાશયમાં પ્રતિકલાકે ૧૦૦ થી ૫૪૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેના કારણે જળાશયોની સપાટીમાં સુધારો આવી રહ્યો છે.

ભરચોમાસે વરસાદે હાથતાળી આપતાં પ્રજા, ખેડૂતોની સાથે વહીવટી તંત્રની ચિંતામાં વધારો થયો હતો. હવામાન વિભાગની એક પછી એક આગાહીઓ છતાં વરસાદ ન વરસતાં ચિંતિત બનેલા વહીવટી તંત્ર દ્વારા સંભવિત અછતની સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરૂ આયોજન કરવામાં આવ્યું. ખાસ કરીને પીવાના પાણીની મુશ્કેલી નિવારવા માટે નવા બોર તેમજ હેન્ડપંપ બનાવવા માટેનો અહેવાલ રાજ્ય સરકારમાં મોકલવામાં આવ્યો. ગમે તે ઘડીએ જિલ્લામાં અછતની સ્થિતિ જાહેર થાય તેવું જણાતું હતું પરંતુ શ્રાવણ માસના સમાપન પછી ભાદરવા માસમાં ઓચિંતુ વરસાદી ચિત્ર પલટી નાખ્યું છે. ૨ દિવસથી બંન્ને જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદ હાજરી પુરાવી રહ્યો છે જેના કારણે ચેકડેમ તેમજ તળાવોમાં નવા નીરની આવક થવાની સાથે જિલ્લામાં જીવાદોરી ગણાતા પ્રમુખ જળાશયોમાં પણ પાણીની આવક શરૂ થઈ છે. ઉપરવાસમાં વરસેલા વરસાદને કારણે વાત્રક જળાશયમાં પ્રતિકલાકે ૫૪૦, હાથમતીમાં ૧૫૦, જવાનપુરામાં ૧૨૫, હરણાવમાં ૨૦૦, મેશ્વોમાં ૨૨૦, વૈડીમાં ૩૦ અને ખેડવા જળાશયમાં ૧૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. જિલ્લામાં આજ પ્રકારે ભાદરવો ભરપૂર વરસતો રહ્યો તો આગામી ટૂંક સમયમાં જ જળાશયોમાં પાણીની સપાટીમાં સુધારો થવાની આશા છે.